# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

**આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- ✓ નીટની પરીક્ષામાં ગેરરીતી મામલે સીબીઆઇની ગુજરાતમાં સાત સ્થળોએ તપાસ..
- ✓ ભ્રષ્ટાચાર મામલે સીબીઆઇની કસ્ટડીમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના રિમાન્ડ પૂર્ણ થતા જેલમાં મોકલાયા...
- ✓ બમ બમ ભોલેના નાદ સાથે અને સલામતીના લોખંડી બંદોબસ્ત સાથે અમરનાથ યાત્રાનો આરંભ..
- ✓ ટી-20 વિશ્વકપની બ્રિજટાઉન ખાતેની ફાઇનલ મેચમાં ભારતે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી...

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર "મન કી બાત" કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે. શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ "મન કી બાત"ની પહેલી કડી હશે.

અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# NEET GUJ INQUIRY

નીટ-યુજી પેપર લીક કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશને ગુજરાતમાં સાત સ્થળોએ શોધ અભિયાન ચલાવ્યું છે... સીબીઆઈનું આ સર્ચ ઓપરેશન 29 જૂન, શનિવાર સવાર શરુ થયું હતું.. ગુજરાતના ચાર જિલ્લા, આણંદ, ખેડા, અમદાવાદ અને પંચમહાલના ગોધરામાં શકમંદોને

ત્યાં સર્ચ ઓપરેશન કરાયું હતું.. સીબીઆઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બપોર પછી પણ આ ઓપરેશન ચાલી રહ્યું છે..

જ્યારે ગુજરાત સિવાય ઝારખંડમાં પણ આ મામલે તપાસ ચાલી રહી છે.. (નીટ-યુજી)ના સંબંધમાં ઝારખંડના હજારીબાગમાં એક શાળાના આચાર્ય અને વાઇસ પ્રિન્સિપાલ સાથે હિન્દી અખબારના પત્રકારની પણ  ધરપકડ કરી હતી. સીબીઆઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેઓએ પૂછપરછ દરમિયાન જણાવ્યું કે, ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ એહસાનુલ હકને, 5મે ના રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા આયોજિત મેડિકલ પ્રવેશ પરીક્ષા માટે હજારીબાગના શહેર સંયોજકની જવાબદારી સોંપાઇ હતી.

બીજી તરફ ઝારખંડમાંથી ઝડપાયેલા ત્રણ આરોપીઓને સીબીઆઇ પટના લાવી હતી અને તમામ આરોપીઓને મેડિકલ ટેસ્ટ માટે હોસ્પિટલ લઇ જવાયા હતા. નીટના મામલે વિરોધપક્ષના પૂછાયેલા પ્રશ્નના જવાબ આપતાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અજીત પવારે કહ્યું હતું કે, નીટની પરીક્ષામાં ગેરરિતી મામલે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર ગંભીર છે.

# HARIYANA NEET

ભાજપના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન હરિયાણાની મુલાકાતે છે.. આજે પંચકુલામાં તાઉ દેવીલાલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ભારતીય જનતા પાર્ટીની રાજ્યની કારોબારીની બેઠકને તેમણે સંબોધી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર કેન્દ્રીય પરીક્ષા એજન્સી

NTAમાં સુધારો કરી રહી છે, અને પેપર લીકના મામલા સામે કડક કાયદો બનાવવામાં આવ્યો છે,નીટના પેપરલીકનો મામલો તપાસ માટે CBIને સોંપવામાં આવ્યો છે. હરિયાણામાં ઓક્ટોબરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતા તેમણે આશા વ્યક્ત કરી કે રાજ્યમાં પાર્ટી ત્રીજી વખત સરકાર બનાવશે.

કારોબારીની બેઠકમાં મુખ્યમંત્રી નાયબ સિંહ, ઉર્જા મંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ, કેન્દ્રીય મંત્રી ક્રિષ્ન પાલ ગુર્જર, ચૂંટણી સહ પ્રભારી બિપ્લબ દેબ, વિધાનસભા અધ્યક્ષ જ્ઞાનચંદ ગુપ્તા સહિત 90 વિધાનસભાના લગભગ 4500 પદાધિકારીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# REV.-KEJRIWAL-BAIL

દિલ્હીની એક અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કથિત દારૂ નીતિ કેસ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના કેસમાં 12 જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે. કેજરીવાલની CBI સાથેની ત્રણ દિવસની કસ્ટડી આજે સમાપ્ત થઈ જતા તેમને અદાલતમાં રજૂ કરાયાં હતા.. AAP સુપ્રીમોએ જામીન પર મુક્ત થવા પર દિલ્હી વડી અદાલતે આપેલા વચગાળાના સ્ટેને પડકારતી સર્વોચ્ચ અદાલતમાં કરેલી અરજી પાછી ખેંચી લીધી હતી.

કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ જસ્ટિસ મનોજ મિશ્રા અને એસવીએન ભાટીની વેકેશન બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે

દિલ્હી હાઈકોર્ટના જામીન આપવાના ટ્રાયલ અદાલતના આદેશ પર સ્ટે મૂકવાના નિર્ણય મામલે સુપ્રીમ અદાલતમાં નવી અરજી દાખલ કરાશે.

# J-K--AMARNATH-YATRA

કાશ્મીર ખીણમાં પ્રતિવર્ષ યોજાતી અમરનાથ યાત્રાનો શ્રધ્ધાપૂર્વક આરંભ થઇ ચૂક્યો છે.. 52 દિવસ સુધી ચાલારી આ લાંબી યાત્રા 19મી ઓગસ્ટના રોજ શ્રાવણ પૂર્ણિમાએ પૂર્ણ થશે. અમારા શ્રીનગર સંવાદદાતા જણાવે છે કે, બમ બમ ભોલે, હર હર મહાદેવના નાદ સાથે અમરનાથ યાત્રીઓની બીજી ટુકડી બપોરે કાશ્મીર ખીણમાં પ્રવેશી છે.

ત્રણ હજારથી વધુ યાત્રીઓએ પવિત્ર ગુફામાં પૂજા કરી છે. મોટાભાગના યાત્રાળુઓ ચોપર સેવા દ્વારા પવિત્ર ગુફામાં પહોંચ્યા હતા.. અમરનાથ યાત્રાની ચુસ્ત સલામતીની વ્યવસ્થઆ કરવામાં આવી છે તેમજ શ્રધ્ધાળુઓ માટે કેન્દ્રશાસિત પ્રદેશના તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે યાત્રાની શરૂઆત પ્રસંગે શ્રધ્ધાળુઓને અભિનંદન પાઠવ્યા છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

# HARIYANA AMIT SHAH

રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને હરિયાણા સરકાર વચ્ચે પંચકુલા ખાતે આજે  સમજૂતીના કરાર પર હસ્તાક્ષર થયા હતા.. ગુનાના કેસોને લગતી બાબતો માટે સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના માટે આ  કરાર થયા હતા.. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય શહેરી વિકાસ, આવાસ અને ઉર્જા પ્રધાન મનોહર લાલ, મુખ્યમંત્રી નાયબ સિંહ અને હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ જ્ઞાનચંદ ગુપ્તાની હાજરીમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

NFSUના સહયોગથી હરિયાણાના પંચકુલામાં 50 એકરનું કેમ્પસ બનાવવામાં આવશે. તે દેશનું પ્રથમ સેન્ટર ઓફ એક્સેલન્સ હરિયાણાના મુખ્ય મંત્રી નાયબ સિંહે જણાવ્યું હતું કે, કેન્દ્રની સ્થાપના સાથે, ઓળખાયેલા ગુનાઓમાં પુરાવા એકત્રિત કરવાનું સરળ બનશે.

# MATCH

ટી-20 વિશ્વકપની ફાઇનલ મેચ થોડીવારમાં જ શરૂ થશે.. બ્રિજટાઉન ખાતેની આ મેચમાં ભારતે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી છે..સાઉથ આફ્રિકા અને ભારત વચ્ચેની આ મેચ રસપ્રદ સાબિત થશે.. બંને ટીમો ટી-20 વિશ્વકપ જીતવા એડી ચોટીનું જોર લગાવશે.. દસ વર્ષ બાદ ભારત ટી-20 વિશ્વકપની ફાઇનલમાં પ્રવેશ્યુ છે જ્યારે દક્ષિણ આફ્રિકા વિશ્વકપની ફાઇનલમાં 32 વર્ષ બાદ પહોંચ્યુ છે. ત્યારે આ મેચ રસપ્રદ

રહેશે. સમગ્ર દેશના ક્રિકેટ ચાહકો હવે આ મેચ શરૂ થવાની ઉત્સુકતા પૂર્વક રાહ જોઇ રહ્યાં છે..

## JDU-SANJAY-JHA

જનતા દળ યુનાઈટેડ દ્વારા આજે રાજ્યસભાના સાંસદ અને પાર્ટીના નેતા સંજય ઝાને પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રી ઝાની નિમણૂંક પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં કરવામાં આવી હતી...

તેમની નિમણૂંક બાદ મીડિયા સાથે વાત કરતા સંજય ઝાએ કહ્યું હતું કે બિહારમાં 2025ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટી આગામી આયોજનો કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાર્ટી ફરી એકવાર સરકાર બનાવશે. જેડી(યુ) આ વર્ષે ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી પણ લડશે તેવી તેમણે જાહેરાત કરી હતી.

દરમિયાન JD(U) એ પણ બિહાર માટે કેન્દ્ર સરકાર પાસેથી વિશેષ રાજ્યના દરજ્જા અથવા વિશેષ નાણાકીય પેકેજની માંગ કરી છે. પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક બાદ, બિહારના મંત્રી અને જેડી(યુ)ના નેતા ડો. અશોક ચૌધરીએ કહ્યું કે, બિહાર માટે વિશેષ દરજ્જો અને વિશેષ પેકેજની જૂની માંગ છે અને તેને દોહરાવવામાં આવી હતી.. લોકસભા અને રાજ્યસભામાં પાર્ટીના નેતાઓ ટૂંક સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળીને તેમની માંગ રજૂ કરશે...

## SARAS GROUNDED

દેશ માટે 17 વર્ષ સુધી દરિયાઈ સુરક્ષા અને દેખરેખ પૂરી પાડનારા ભારતીય નૌકાદળે 'સારસ' હેલિકોપ્ટરને વિદાય આપી છે.. યુએચ-3એચ હેલિકોપ્ટરે વિશાખાપટ્ટનમના આઈએનએસ ડેગા ખાતે ડી-ઇન્ડક્શન સમારંભ દરમિયાન તેની અંતિમ ઉડાન ભરી હતી. તેમના સ્થાને, સી કિંગ 42સી હેલિકોપ્ટર હવે આઈએનએએસ 350 માં તૈનાત કરવામાં આવશે. સંભારણા તરીકે એક હેલિકોપ્ટર વિશાખાપટ્ટનમમાં એક અગ્રણી સ્થાન પર કાયમ માટે પ્રદર્શિત કરવામાં આવશે, જે ભાવિ પેઢીઓને પ્રેરણા આપશે.

યુએચ-3એચ હેલિકોપ્ટરને બદલે હવે સી કિંગ 42સી હેલિકોપ્ટરને આઈએનએએસ 350માં તૈનાત કરવામાં આવશે.

# GAJENDRA-SINGH-SHEKHAWAT-CULTURE

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, યુગ યુગીન ભારત સંગ્રહાલય દેશની સદીઓ જૂની પરંપરાને પ્રતિબિંબિત કરશે. ભારત મંડપમ ખાતે આયોજિત યુગ યુગીન ભારત મ્યુઝિયમ પર ભારત- ફ્રેન્ચ સહયોગી ક્ષમતા નિર્માણ કાર્યશાળાના છેલ્લા દિવસ હતો. આ પ્રસંગે શ્રી શેખાવતે જણાવ્યું હતું કે, આ મ્યુઝિયમ ભારતના સમૃદ્ધ વારસાને રજૂ કરશે.. શ્રી શેખાવતે આ સંગ્રહાલયને લોકોનું, લોકો દ્વારા અને લોકો માટેનું ગણાવ્યું હતું..

આ કાર્યક્રમને સંબોધતા, સંસ્કૃતિ મંત્રાલયના સચિવ ગોવિંદ મોહને કહ્યું, આ મ્યુઝિયમ ભારતની સમૃદ્ધ કલા, સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી મ્યુઝિયમ આવનારી પેઢીઓને પ્રેરણા આપશે. આ મ્યુઝિયમ 1 લાખ 54 હજાર ચોરસ મીટરમાં ફેલાયેલું હશે, જે વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ હશે.

# MEA-SCO SUMMIT

કઝાકિસ્તાનના અસ્તાનામાં આગામી ત્રણ અને ચોથી જુલાઈ દરમિયાન યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન - SCO શિખર સંમેલનમાં, વિદેશમંત્રી ડૉ એસ જયશંકર ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે માધ્યમોને આ અંગે માહિતી આપી હતી.

લેબનોનની સ્થિતિ અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે લગભગ બેથી ત્રણ હજાર ભારતીયો ત્યાં રહે છે. ભારતીય દૂતાવાસ તેમના સંપર્કમાં છે અને તેમને દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

શ્રીલંકામાં પકડાયેલા માછીમારો અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે, ભારત માછીમારોના કલ્યાણને ખૂબ મહત્વ આપે છે. તેમણે કહ્યું કે મંત્રાલય આ બાબતથી વાકેફ છે અને શ્રીલંકાની સરકાર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે..